ગાંધીનગર સમાચાર

Regd. No. GNR/65-G0

# જળ સંચય અભિયાન... આગ લાગ્યા પછી...

**નર્મદામાં પાણી ખૂટતા અચાનક જ રાજ્ય સરકારને જળસંચય અભિયાન યાદ આવ્યુ : આ અભિયાન હવે આગ લાગે ત્યારે કૂવો ખોદવા જેવુ કામ છે**

ગાંધીનગર, તા. ૭

ગુજરાત સ્થાપના દિને સમગ્ર ગુજરાતમાં સુજલામ સુફલામ જળસંચય અભિયાનનો રાજ્યવ્યાપી પ્રારંભ કરવાનો નિર્ણય રાજ્ય સરકારે લીધો છે. ખુબ જ આવકારદાયક બાબત છે. પરંતુ એ વાત હવે સામાન્ય જનતાથી છુપાવી શકાતી નથી કે જે નર્મદાના નામે જનતાના વોટ લઈ સરકાર બનાવી હતી તે નર્મદામાં જ હવે

**સમયસર**

પાણી ખુટ્યા છે અને સમગ્ર ગુજરાતમાં જળ કટોકટી સર્જાઈ છે ત્યારે સરકારને અચાનક જ નદીઓ પુનઃજીવિત કરવાનું અને તળાવો ઊંડા કરવાનુ સુજ્યુ છે.

ગયા વર્ષે ગુજરાત વિધાનસભાની ચૂંટણી યોજાવાની હતી તેવા ટાણે જ સરદાર સરોવર યોજના પૂર્ણ થવાની જાહેરાત કરી ઠેર ઠેર જળ વધામણાંના કાર્યક્રમો યોજાયા, છેક સૌરાષ્ટ્ર-કચ્છ સુધી નર્મદાના પાણીને પહોંચાડી દેવાયા. એવી તો મસમોટી જાહેરાતો કરવામાં આવી કે હવે ક્યારેય ગુજરાતની જનતાને પાણીની ખેંચ સહન નહી કરવી પડે. નર્મદા તો જાણે પાણીનો અખૂટ અને આજીવન સ્ત્રોત હોય તેમ સમગ્ર ગુજરાત પાણી પાણી થઈ ગયુ હોય અને ખેતરે ખેતરે નર્મદાનુ પાણી પહોંચી ગયુ હોય તેવુ આડંબર ઉભુ કરાયુ. પરંતુ માત્ર બે જ મહિનામાં વાસ્તવિકતા સામે આવી અને નર્મદાના પાણી ખૂટ્યા હોવાના અહેવાલો આવ્યા. ખેડૂતોને નર્મદાનુ પાણી આપવાનુ બંધ કરાતાં ઠેર ઠેર રોષ ફાટી નીકળ્યો અને અનેક ગ્રામ્ય વિસ્તારો અને શહેરી વિસ્તારોને ટેન્કર દ્વારા પાણી પહોંચાડવુ પડ્યુ. ટેન્કરોની સંખ્યા વધી રહી છે અને ભર ઉનાળે જળસંકટ તીવ્ર બન્યુ છે ત્યારે જ સરકારને ભાન થયુ છે કે નર્મદાના નામે હવે વધુ દિવસ જુઠ્ઠાણા નહી ચલાવી શકાય. જળસ્ત્રોતોના સ્થાનિક ઉપાયો કરવા જ પડશે.

છેલ્લા ઘણા વર્ષોથી એવો સિનારીયો હતો કે નર્મદા સિવાયના અન્ય સ્થાનિક જળસ્ત્રોતોની જરૂરીયાત તરફ ગુનાહિત દુર્લક્ષ્ય સેવવામાં આવ્યુ. શહેરી અને ગ્રામ્ય વિસ્તારોમાં આવેલા તળાવોમાં બિલ્ડરોને અને સ્થાનિક લોકોને આડેધડ દબાણ કરવા દેવામાં આવ્યુ. જમીનોની કિંમત ઉંચી જતા તળાવો અને જળાશયોમાં પુરાણ કરી રાજકારણીઓના મળતીયા બિલ્ડરોએ કરોડોની કોમર્શીયલ અને આવાસની સ્કીમો મુકી. નદીઓ સાવ સુકાઈ ગઈ. નદીઓમાં ફેક્ટરીઓના દૂષિત પાણી અને ગટરના પાણી બેફામ રીતે છોડાતા નદીઓ ગંદા નાળા બની ગઈ. લોકમાતા કહેવાતી નદીઓને આપણે ઉકરડાં બનાવી દીધા અને સરકારે તે તરફ કોઈ ધ્યાન જ ન આપ્યુ. છેલ્લા ઘણા વર્ષોથી વરસાદ સારો રહ્યો છે. તેમ

● અનુસંધાન પાન-૭ પર

# મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત મનપાને ૭.૮૧ કરોડ મળ્યા

ગાંધીનગર, તા. ૭

મુખ્યમંત્રી સ્વર્ણિમ શહેરી વિકાસ યોજના અંતર્ગત ગાંધીનગર મહાનગરપાલિકાને રૂ. ૭.૮૧ કરોડનો ચેક મળ્યો છે જ્યારે બે નગરપાલિકાઓ કલોલ અને દહેગામને પણ પોણા બે કરોડની રકમના ચેક એનાયત કરવામાં આવ્યા હતા.

આજે મહાત્મા મંદિર ખાતે યોજાયેલ સમારોહમાં ચાલુ નાણાંકીય વર્ષના પ્રથમ હપ્તા પેટે આ રકમના ચેકો એનાયત કરવામાં આવ્યા હતા.




ગાંધીનગર મહાનગર પાલિકા દ્વારા મેયર પ્રવિણ પટેલ, મ્યુનિ. કમિશ્નર અમરાણી, સ્થાયી સમિતિના ચેરમેન મનુભાઈ પટેલ તથા પૂર્વ મેયર મહેન્દ્રસિંહ રાણાએ આ ચેક રાજયમંત્રી પરબતભાઈ પટેલના હસ્તે સ્વીકાર્યો હતો. દહેગામ નગરપાલિકાને રૂ. ૫૬ લાખનો ચેક એનાયત કરાયો હતો જ્યારે કલોલ નગરપાલિકાને રૂ. ૧.૨૫ કરોડનો ચેક એનાયત કરવામાં આવ્યો હતો. જેનો નગરપતિ અને ચીફ ઓફિસર દ્વારા સ્વીકાર કરવામાં આવ્યો હતો. શહેરી વિસ્તારમાં આંતરમાળખાકીય સુવિધાના કામો તેની સમય મર્યાદામાં પૂર્ણ થાય તે જોવા માટે મુખ્યમંત્રી રૂપાણીએ આગ્રહ કર્યો હતો એટલુ જ નહિ પણ વરસાદી પાણીને વહી જતુ અટકાવવા અને તેનો વધુ ને વધુ જળસંગ્રહ થાય તે જોવા આગ્રહ કર્યો હતો.

# સંત સરોવર બન્યુ મોતનું સરોવર...!

**ન્હાવા પડેલા વધુ બે યુવાનો ડુબી ગયા : બેજવાબદાર તંત્રને સંત સરોવરમાં ડુબવાના વધતા કિસ્સાઓ અટકાવવામાં કોઈ રસ નથી**



**સિક્યુરીટી ગાર્ડ ઉપરાંત આ પોઈન્ટ ઉપર 'લાઈફગાર્ડ' મુકવા જરુરી બન્યા : જોખમી બનેલા આ પીકનીક પોઈન્ટ ઉપર ચોક્કસ ગાઈડ લાઈન તૈયાર કરવાની તાતી જરૂર**

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના જ માર્ગ પાસે સાબરમતી નદી ઉપર બનેલુ સંત સરોવર હવે નવું પીકનીક પોઈન્ટ બની ગયું છે. જો કે આ પીકનીક પોઈન્ટ સંત સરોવર હવે મોતનું સરોવર બની રહ્યું હોય તેમ લાગી રહ્યું છે. દર બે ચાર દિવસે આ પોઈન્ટ ઉપર ન્હાવા જતા સહેલાણીઓના ડુબી જવાના એકાદ-બે કિસ્સાઓ ધ્યાને આવી રહ્યા છે. બે દિવસ પહેલા જ ત્રણ વર્ષની બાળકી ડુબી ગઈ હતી. ગઈ કાલે એક યુવાનનો પગ ફસાઈ જતા ડુબતો બચી ગયો અને આજે બે યુવાનો ડુબી જતા ફાયરબ્રિગેડ તંત્ર દોડતું થઈ ગયું હતું અને ડુબી ગયેલા બંને યુવાનોની શોધખોળ આરંભી છે. ડુબી જવાના કિસ્સાઓ વધી રહ્યા હોવા છતાં આ સ્થળે બે જવાબદાર તંત્ર દ્વારા કઈ નકકર કાર્યવાહી કરવામાં આવતી નથી. જોખમી

● અનુસંધાન પાન-૭ પર

# એ પતંગ ફાટતી નથી, જે ઉડતી નથી : જય વસાવડા

## ડો. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં ટાઉનહોલ ખાતે યોજાયો કાર્યક્રમ "સાહસનો શ્વાસ"





ગાંધીનગર, તા.૭

''કમ્ફર્ટ''ઝોન છોડીને જે ચાલે છે, એ જ માણસ પ્રગતિ સાધી શકે છે. કોલંબસે ભારત શોધવાનું સાહસ કર્યું એના પ્રતાપે અમેરીકા મળ્યું. તેનશીંગ-હિલેરી અનેક કષ્ટો વ્હોરી એવરેસ્ટના શિખરે પહોંચ્યા હતા, સિકંદર સાહસના સથવારે દુનિયાનો વિજેતા બન્યો. આપણી સંસ્કૃતિ પણ કહે છે કે હનુમાન કુદકો ન હોત તો લંકા દહન ન થયું હોત આવા તો સાહસના અનેક આયામો છે. ડો. પ્રશાંત મેરજા પણ આવો જ એક પ્રતાપી યુવક હતો. જેને યુવાવસ્થાને સાહસમાં પલટાવી બેડમિન્ટનથી માંડીને માઉન્ટરીંગ જેવી અનેક સિધ્ધીઓ માત્ર ૨૩ વર્ષના અલ્પ આયુષ્યમાં હસ્તગત કરી હતી. રવિન્દ્રનાથ ટાગોરે કહ્યું છે તેમ પતંગીયું વર્ષોમાં નહીં પણ ક્ષણોમાં જીવે છે. છતાંય તેનું જીવન અમુલ્ય છે, આવો રોમાંચ યુવાનોએ સાહસ કરીને કરવો રહ્યો તેમ ગુજરાતના ખ્યાતનામ યુવા વકતા જય વસાવડાએ ગાંધીનગર ટાઉનહોલ ખાતે આયોજીત ડો. પ્રશાંત મેરજાના સ્મરણાંજલિ કાર્યક્રમ ''સાહસનો શ્વાસ''માં જણાવ્યું હતું. તેમજ સાહસ ચાર સ્તંભો જેવા કે આત્મવિશ્વાસ, સજ્જનતા, જુસ્સો અને હિંમતની બાબત પર વિગતે વાત કરીને જય વસાવડાએ શ્રોતાઓને સાહસ માટે પ્રેરીત કર્યા હતા.

''સાહસનો શ્વાસ'' કાર્યક્રમમાં યુવા વકતા જય વસાવડાએ વધુમાં જણાવ્યું હતું કે.. એ પતંગ ફાટતી નથી જે ઉડતી નથી, કશું આવડતુ ન હોય છતાં શિખવાનો પ્રયાસ કરવો સાહસ કરવું એમાં ઉંમરનો બાધ હોતો નથી. નવીનતાને તિરસ્કારો નહીં પણ સ્વીકારો, કટોકટી દરેકના જીવનમાં આવે છે. પ્રશાંતની અણધારી વિદાયે અમને સૌને હચમચાવી દીધેલા છતાય મેરજા પરિવારે આ આઘાતને જીરવીને મૃત્યુ પછી પણ જીંદગી હોય છે એની પ્રતિતિ પ્રશાંતની સ્મૃતિને ચિરંજીવ કરી, એના સ્મરણને કાયમ અનેરી રીતે જાળવીને કરાવી છે. તેમ કહીને પોતાનું વક્તવ્ય પુરુ કર્યું હતું.

''સાહસનો શ્વાસ'' સ્મરણાંજલિ કાર્યક્રમમાં ઉપસ્થિત કલ્ચરલ ફોરમના અધ્યક્ષ કૃષ્ણકાંત જહાએ કહ્યું હતું કે આ કાર્યક્રમને અનુલક્ષીને કેટલાક નગરજનો ઓફિસે પાસ માટે ફોન કરતા હતા, કારણ કે પાસ અને ડાયરી ગાંધીનગરની ઓળખ છે. પરંતુ આ મનોરંજનનો નહી, પણ મનોમંથનનો કાર્યક્રમ છે. જય વસાવડાએ પુસ્તકો વાંચ્યા છે, મે મસ્તકો વાંચ્યા છે. બંન્નેમાં ફેર છે પણ બંન્નેના મકસદ એક જ છે. સાહસ વગર સિદ્ધી મળતી નથી એ પણ હકીકત છે. તેમણે ડો. પ્રશાંતના વ્યકિતત્વના વિવિધ પાસાઓ ઉપર આત્મિયભાવે અહોભાવ વ્યકત કરી ''મેરજા પરિવારે'' પ્રશાંતના મૃત્યુંના આઘાતને જીરવીને પણ આવા શાણપણભર્યા કાર્યક્રમો યોજીને સમાજને રાહ ચીંધી છે. માત્ર રોંદણા રડીને બેસી ન રહેવું પણ પ્રશાંતના મરણનું સ્મરણ કાયમ જળવાય એ માટે સતત ખેવના રાખી છે. પ્રશાંત અને સાહસ એક બીજાના પર્યાય હોય એવી પ્રતિતિ મેરજા પરિવારે સમાજને કરાવી છે.

ગાંધીનગરના પનોતા પુત્ર અને ભરયુવાનીમાં અકસ્માતે પરલોકગમન કરેલ ડો. પ્રશાંત મેરજાની સ્મૃતિમાં ટાઉનહોલ ખાતે યુવા કટાર લેખક જય વસાવડા અને કલ્ચરલ ફોરમ ગાંધીનગરના પ્રમુખ કૃષ્ણકાંત જહાની પ્રેરક ઉપસ્થિતિમાં ''સાહસનો શ્વાસ'' વિષય પર બંન્ને વકતાઓએ પ્રકાશ પાથર્યો હતો.

કાર્યક્રમના પ્રારંભે સ્વાગત પ્રવચન જય રમેશ મેરજાએ કર્યું હતું. ડો. પ્રશાંતના મિત્રોએ દિપ

● અનુસંધાન પાન-૭ પર

IITE (Indian Institute of Teacher Education, Gujarat)

॥ न हि ज्ञानेन सदृशं पवित्रमिह विद्यते ॥

**Teachers required for Sandeepani School of Excellence, Gandhinagar A world class school**

**Sponsored by**

**Indian Institute of Teacher Education, Gandhinagar**

(The people who brought internationalization in teacher education, the pioneers of Educational reforms in India)

Sandeepani School of Excellence will be a place for the holistic development of the students. Our focus will be on:

- Leadership
- Extracurricular activities
- Performing arts
- Medicine
- Innovations
- Sports
- Fine arts
- Management
- Engineering

- The idea is that we are not into the rat-race of producing doctors and engineers, but depending on tendency of the child, the school will specially train the students in various fields.
- The classrooms are well-equipped with technology. Every classroom has interactive television with required E-Content. The students will be given iPad. Classroom interaction will also take place.
- Class – 6, 7 and 8 (English medium, Gujarat Board) starting from June 2018.

Teachers needed for Upper Primary Section:
1. Mathematics
2. Science
3. Social Science
4. Language

**Qualification & Experience:**
1. Graduate with B.Ed. (Teachers with Master Degree & Prior Experience will be preferred.)
2. Principal – Master Degree with B.Ed. (Person with M. Ed. and Prior Experience will be preferred.)

**Salary - for suitable candidate, salary will be no bar**

Interested candidates may send their complete CV alongwith all necessary documents on or before 15th May 2018 to the address given below:

**Indian Institute of Teacher Education**
**Ramkrushna Paramhans Vidya Sankul**
Near KH-5, KH Road, Sector - 15, Gandhinagar - 382016 (Gujarat)
079-2324 3733 / 34 Email ID: registrar@iite.ac.in

# ૧૫ ગામોમાં ગામતળ નીમ કરવા જમીન સંપાદન કરવાની દરખાસ્તો કરાશે

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં ૧૫ જેટલા ગામોમાં ગામતળ નીમ કરવા માટે જમીન સંપાદન કરવાની કવાયત તંત્ર દ્વારા હાથ ધરવામાં આવી છે.

**જમીન સંપાદન માટેની દરખાસ્તો કાયદાઓની જોગવાઈઓને આધિન રહી કરવા સૂચના**

મળતી વિગતો પ્રમાણે ગુડા અને ઔડા વિસ્તારમાં સમાવિષ્ટ થયેલા આવા ગામોમાં ખરાબાની જમીન પણ બચી ન હોવાથી જમીન સંપાદન કરવી પડે તેવી સ્થિતિ છે. આ માટેની કવાયત હાથ ધરવામાં આવી છે.

પ્રાપ્ત થતી વિગતો મુજબ જિલ્લા વિકાસ અધિકારી કોયાના અધ્યક્ષસ્થાને આજે મળેલ તાલુકા વિકાસ અધિકારીઓની માસિક સમીક્ષા બેઠકમાં આ અંગેની સૂચનાઓ આપવામાં આવી છે.

એક સપ્તાહમાં જમીન માલિકીની સહમતિ સંપાદન માટે મેળવી અને તે અંગેની વિધિવત્ દરખાસ્ત કરવાની સૂચના આપવામાં આવી છે.

આજની આ બેઠકમાં મહેસુલી વસુલાતની વિગતો જોઈ તેમાં ગતિ આવે તે માટે પણ વિશેષ ભાર મુકવામાં આવ્યો હતો. આ ઉપરાંત પંચાયોતના વેરા વસુલીની વિગતો નિયમિત રીતે ઓનલાઈન મુકાઈ જાય તે જોવા પર પણ ખાસ સૂચનાઓ આપવામાં આવી હતી.

મળતી વિગતો મુજબ જિલ્લા વિકાસ અધિકારીએ આ બેઠકમાં જિલ્લામાં ચાલી રહેલ સુજલામ સુફલામ જળસંચય યોજનાનુ મોનીટરીંગ કરવાની સાથે નિયમિત મુલાકાત લઈ મુલાકાતનો અહેવાલ અપલોડ થાય તેની પણ કાળજી રાખવા જણાવ્યુ હતુ.

જિલ્લામાં પંચવટીની યોજનાના કામો, લોકલફંડની ગ્રાન્ટ મેળવવા માટેની દરખાસ્તો પણ સમયસર તાલુકામાંથી આવી જાય તે માટે જરૂરી સુચનાઓ આપવામાં આવી હતી.

ROOPKALA
The silver shop
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

# શહેરના તાપમાનમાં આંશિક ઘટાડો

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર સહિત રાજ્યભરમાં ગરમીના પ્રમાણમાં આંશિકરીતે ઘટાડો થયો છે પરંતુ લોકો ગરમીના કારણે હજુ પણ પરેશાન થયેલા છે. આગામી બે ત્રણ દિવસ દરમિયાન ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના જુદા જુદા ભાગો, દક્ષિણ ગુજરાતમાં મહત્તમ તાપમાન ૪૧થી ૪૩ ડિગ્રી વચ્ચે રહે તેવી શક્યતા છે. અમદાવાદ માટેની આગાહીમાં સ્પષ્ટ જણાવાયું છે કે, તાપમાનમાં કોઈ વધારે ફેરફાર થશે નહીં. ગાંધીનગરમાં આજે ૪૧ ડિગ્રી તાપમાન રહ્યું હતું. જ્યારે અમદાવાદમાં આજે મહત્તમ તાપમાન ૪૦.૯ અને લઘુત્તમ તાપમાન ૨૫.૭ ડિગ્રી રહ્યું હતું. હવામાન વિભાગ તરફથી વધુ તાપમાન માટેની કોઈ ચેતવણી જારી કરવામાં આવી નથી પરંતુ લોકો ગરમીથી બચવા બિનજરૂરી બહાર નિકળવાનું ટાળી રહ્યા છે.

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેકટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com